અપીલ અરજી નં.૮૭ તા.૧૮–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા. ના વોર્ડ નં.૫ ના આરોગ્ય વિભાગે હરીપુરા ધોબીશેરી નાકે રામજીમંદિરની બાજુમાં આવેલ મિલ્કત નંબર ૫/૭૫૨ ના માલીક મિલકતમાં ચાંદી ગીલીટ તેમજ જરીગીલીટના જે એકમો ચાલે છે. આ એકમોમાં વપરાતા જવલનશીલ પદાર્થો જેવા કે સેલો લેકર, સ્પ્રીરીટ, એસીડ, પોટેશીયમ સાઈનાઈડ ના પરવાના કઈ સાલથી ફાળવવામાં આવેલ છે તેમજ કેટલા કેટલા લીટરના પરવાના ફાળવવામાં આવેલ છે તેની રેકોડ મેન્યુલ આધારીત માહિતિ આપો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૫–૧૧ ની SMC/FAP/ નં.૮૭/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા. ના વોર્ડ નં.૫ ના આરોગ્ય વિભાગે હરીપુરા ધોબીશેરી નાકે રામજીમંદિરની બાજુમાં આવેલ મિલ્કત નંબર ૫/૭૫૨ ના માલીક મિલકતમાં ચાંદી ગીલીટ તેમજ જરીગીલીટના જે એકમો ચાલેછે. આ એકમોમાં વપરાતા જવલનશીલ પદાર્થો જેવા કે સેલો લેકર, સ્પ્રીરીટ, એસીડ, પોટેશીયમ સાઈનાઈડ ના પરવાના કઈ સાલથી ફાળવવામાં આવેલ છે તેમજ કેટલા કેટલા લીટરના પરવાના ફાળવવામાં આવેલ છે તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતિ આપો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૬ તા.૨૬–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ બાદ અને અપીલીય કાર્યવાહી દરમ્યાન કોઈ પ્રત્યુત્તર મળેલ હોય તો હકીકત મુદ્દાસર જણાવવા પત્ર પાઠવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૪–૧૧ ની અરજીથી વોર્ડ નં.૫ /૭૫૨ વાળી મિલ્કતમાં જવલનશીલ પદાર્થોના પરવાના અને બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૧૮–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ કોઈ પણ પક્ષકાર તરફથી વિગતો રજૂ કરવામાં આવેલ નથી. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા. ના વોર્ડ નં.૫ ના આરોગ્ય વિભાગે હરીપુરા ધોબીશેરી નાકે રામજીમંદિરની બાજુમાં આવેલ મિલ્કત નંબર ૫/૭૫૨ ના માલીક મિલકતમાં ચાંદી ગીલીટ તેમજ જરીગીલીટના જે એકમો ચાલેછે. આ એકમોમાં વપરાતા જવલનશીલ પદાર્થો જેવા કે સેલો લેકર, સ્પ્રીરીટ, એસીડ, પોટેશીયમ સાઈનાઈડ ના પરવાના કઈ સાલથી ફાળવવામાં આવેલ છે તેમજ કેટલા કેટલા લીટરના પરવાના ફાળવવામાં આવેલ છે તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતિ આપો. મુદ્દા નં.(૨) ૫/૭૫૨ વાળી મિલ્કતના માલીકને વોર્ડ નં૫ ના આરોગ્ય વિભાગે જે જવલનશીલ પદાર્થોના પરવાના જે શરતોને આધીન આપવામાં આવેલ તે શરતોનો ભંગ કરવામાં આવેલ હોય તો તે બાબતે વોર્ડ નં.૫ ના આરોગ્ય વિભાગે ૫/૭૫૨ વાળી મિલ્કતના માલીક પર કેટકેટલીવાર કાર્યવાહી કરવામાં આવી તેના રેકર્ડ આધારીત માહિતી આપો. (૩) શહેર વિકાસ વિભાગે ૫/૭૫૨ વાળી મિલ્કતનો પ્લાન કેટલા માળનો મંજુર કરેલ કઈ સાલમાં મંજુર કરેલ તેની રજાચિઠ્ઠીની નકલ તેમજ કયા હેતુ માટે પ્લાન મંજુર કરેલ તેની માહિતી. માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,